R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

JULY - 2016

Vol No. 60 Issue No.4

Total - 40 Pages

## પરદેશ જતી વહાલી દિકરીને પત્ર




## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત વિવિધ સમિતિઓની નામાવલી

2nd Cover Page



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પુરસ્કૃત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા)
# સહર્ષ રજુ કરે છે
# ૬૫મો વાર્ષિક રસોત્સવ

# " BALASINOR'S GOT TALENT "

**Further details આગામી અંકમાં આપવામાં આવશે.**

**મંત્રીઃ** ભાવેશ મોદી **સંયોજકઃ** અમી ધારીઆ **કોઓર્ડીનેટરઃ** સૌમીલ મોદી

---

**શ્રી બાલાસીનોર નવયુવક સંઘ પુરસ્કૃત**

## શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી)
## ૧૧મી ટેલિફોન ડિરેકટરી

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ૧૧મી ટેલિફોન ડિરેકટરીનું વિતરણ રૂા. ૫૦/- ભરીને નીચેના જણાવેલ સ્થળ પરથી મળશે.

૧) **લોહાર ચાલ : નિકોશી ટ્રેડીંગ કંપનીઃ** ૧૨/૫૧, ૧લે માળે, કાર્મેલસ બીલ્ડીંગ, ૬૩/૬૭ પાઠક વાડી, મુંબઈ - ૪૦૦૦૦૨, **સંપર્કઃ** શ્રી સમીર ગાંધી : ૦૨૨-૨૨૦૬૦૨૯૪

૨) **નાગદેવી : શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટઃ** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩, **સંપર્ક :** શ્રી સૌમીલ મોદી - ૦૨૨-૨૩૪૦૦૫૦૨, **સમય :** બપોરે ૧૨.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી.

૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોઃ ૯૮૨૦૦૧૧૫૮૬

૪) **શ્રી વસંત એન. દેસાઈ :** એ/૩૦૩,શત્રુંજય, પટેલ નગરની પાછળ, એમ. જી. ક્રોસ રોડ નં. ૪, કાંદિવલી વેસ્ટ, મુંબઈ - ૬૭, મો.: ૯૮૨૧૦૫૪૩૨૯

૫) **સંસ્થાની ઓફિસઃ** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪, ફોન નં.: ૨૩૮૮૭૦૦૬, **સમય :** સોમવાર થી શનિવાર, ૨ થી ૭ (સાંજે), રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે), દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**'આપ સર્વના સુંદર પ્રતિસાદને લીધે અત્યાર સુધી ૧૩૦૦ પ્રત વેચાઈ ચૂકી છે.**
**નવી પ્રત છપાઈ ગઈ છે, તમારી કોપી મેળવી લેવા નમ્ર વિનંતી.**

**મંત્રીઃભાવેશ મોદી** **સંયોજક - સહમંત્રી : જસ્મીન શેઠ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૪ | ૨૧-૦૭-૨૦૧૬ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# એક વ્યક્તિ બાલાસિનોર પર પીએચ.ડી. કરે છે

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**અહો આશ્ચર્યમ્ !!!**
**કોણ છે ? ક્યાં અને કેવી રીતે શોધવો ?**
**... વાંચો એક રસપ્રદ અર્થપૂર્ણ મુલાકાત**

કેદારનાથ મહાદેવના દર્શન કરી મંદિરના પરિસરમાં હું આવ્યો. એપ્રિલ મહિનાના આખરી દિવસોમાં અમે બાલાસિનોર આવ્યા હતા. તે દિવસે ઢળતી સાંજે મંદિરના પરિસરમાં અન્ય દર્શનાર્થી સાથે સહજ હું ઔપચારિક વાતચીત કરી રહ્યો હતો. ત્યારે તેમાંના એક જણે કહયું એક વ્યક્તિ બાલાસિનોર પર પીએચ.ડી. કરે છે. સાંભળીને મારા કાન ચમક્યા. પૂર્ણ ઉત્કંઠા સાથે રોમાંચિત થઈને મેં પૂછયું, કોણ છે એ ? ક્યાં રહે છે ? શું નામ છે એનું ?

નામ-શ્રી અમૃતભાઈ રમેશભાઈ તીરગર. હમણાં બાલાસિનોરમાં નવું ખોડિયાર માતાનું મંદિર બન્યું છે ત્યાં જ ક્યાંક રહે છે. બીજે દિવસે લુણાવાડાનું કામ પતાવી અમે પરત બાલાસિનોર આવી રહ્યા હતા ત્યારે ડ્રાઈવર લોઈડ ને નવા ખોડિયાર માના મંદિરે ગાડી હંકારી જવા કીધું. 'મગર' જેનું વાહન છે તે મા ખોડિયારના મંદિરે મેં દર્શન કર્યા. શ્રી અમૃતભાઈ તીરગરની પૂછપરછ કરતાં મંદિરના પરિસરમાં જ તેમના ઘરની ભાળ મળી. અમારી અંગત વાતચીતમાં તેમને મેં ઘરે આવવાનું આમંત્રણ આપ્યું.

મહાપ્રભુજીના ઓચ્છવને દિવસે સવારે હોળી ચકલાના મારા ઘરે આઈસક્રીમની લિજ્જત માણતાં, હીંચકે ઝૂલતાં અમારી વાતચીતનો દોર શરૂ થયો. શ્રી અમૃતભાઈ રમેશભાઈ તીરગરે સૌ પ્રથમ પોતાના સમાજ અને કુટુંબ માટે વાત કરી. રાજસ્થાન, વાંસવાડા, ડુંગરપુર થી દસ પેઢી પહેલાના તીરગર સમાજના લોકો એ સ્થળાંતર કરેલું અને ત્યારે બાલાસિનોર આવીને વસ્યા. ત્યાર થી આ સમાજ અહીં નવા ખોડિયાર માતાના વિસ્તારમાં સ્થિર થયેલો છે. શ્રી તીરગરનો જન્મ બાલાસિનોર મુકામે. કુટુંબમાં પપ્પા શ્રી રમેશભાઈ એટલે સુરત અને જુનાગઢના

એસ.ટી.કંડકટર. હાલ રિટાયર્ડ છે. કુટુંબમાં પપ્પા, મમ્મી તથા પત્ની, બાળકોમાં બે દિકરી એક દિકરો. શ્રી અમૃતભાઈના શિક્ષણની શરૂઆત સૌ પ્રથમ ૧૯૮૦ થી બખલીવાલા વિદ્યામંદિર થી થઈ. પ્રાથમિક શાળાનું શિક્ષણ અહીં પૂર્ણ કર્યા પછી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલમાંથી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ ૧૯૯૬માં આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ બાલાસિનોરમાંથી સ્નાતક થયા. ૧૯૯૮માં અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ (અનુસ્નાતક)ની ડિગ્રી પ્રાપ્ત કરી તે પછી બી.એડ. ખંભાત કોલેજમાંથી પૂર્ણ કર્યું.

ત્યારબાદ ધંધાકીય સ્ટ્રગલ પિરિયડ રહ્યો અને છેલ્લે ૨૦૦૬ થી શિક્ષણ ક્ષેત્રે ઝંપલાવ્યું. સૌ પ્રથમ અંબાવ (ઠાસરા) પીટીસી કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. અહીં પ્રાથમિક શાળાના શિક્ષકોને ટ્રેનિંગ આપવાનું કાર્ય કર્યું. ૨૦૦૬ થી ૨૦૦૯ સુધી ત્યાં જ ત્યારબાદ ૨૦૦૯ થી બાલાસિનોર અંજુમન પીટીસી કોલેજમાં ૨૦૧૨ સુધી અધ્યાપક તરીકે રહ્યા. ત્યારબાદ ૨૦૧૨ થી શ્રીમતી પી.કે.ઈનામદાર બી.એડ. કોલેજ વિદ્યાનગર (આણંદ)માં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા. હાલ આ સેવામાંજ છે.

પીએચ.ડી. થવાનો વિચાર ક્યારે આવ્યો ? 'બાલાસિનોર' પર પીએચ.ડી. શા માટે ? મારા સવાલના અનુસંધાનમાં જવાબ આપતા શ્રી અમૃતભાઈ તીરગરે કહયું.. શિક્ષણમાં જોડાયા બાદ વિચાર સ્ફૂર્યો કે મારા પોતાના ગામ બાલાસિનોરનો ઈતિહાસ જોવા મળતો નથી. તો તેને માટે કંઈક કાર્ય કરવું. ધીમે ધીમે તે માટે પુસ્તકો, સાહિત્ય મેળવતો રહ્યો, અને વાંચન, અભ્યાસ શરૂ કર્યો. શ્રી તીરગરના કાર્યમાં વધુ મદદરૂપ થયા હોય તો તે છે શ્રી મોતીભાઈ પરમાર. બાલાસિનોર આર્ટસ્ કોલેજમાં શ્રી મોતીભાઈ પરમારે અધ્યાપક તરીકે સેવા આપી છે. હાલ તેઓ ભાવનગર યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ હેડ તરીકે જોડાયા છે. શ્રી તીરગર કહે છે વતનપ્રેમ ખૂબ મહત્વની બાબત છે. શ્રી અમૃતભાઈ રમેશભાઈ તીરગરે વર્ષ ૨૦૧૫ થી પીએચ.ડી. પદવી માટે શ્રી મોતીભાઈ પરમારના સાનિધ્યમાં તેમની સાથે ગાઈડશિપ નોંધાવેલ છે. કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી થી પીએચ.ડી. માટે રજીસ્ટ્રેશન કરેલ છે.

આ કાર્ય માટે તેમણે આપણા **બાલાસિનોર 'સ્વાતંત્ર્યસેનાની શ્રી નટરવભાઈ મોદીના (સાપ્તાહિક) જનસાથી'** ૧૯૬૦ના વાર્ષિક અંકમાંથી તેમણે પાના નં ૪૨ પરથી આ માટે રેફરન્સ લીધેલ છે. શ્રી નટવરભાઈ મોદીને તે વખતની માહિતી તેમને મળેલ તામ્રપત્ર પરથી નોંધી છે. જેમનો ઉલ્લેખ તેમણે કર્યો છે. (મહંમદ બેગડાના વખતના તામ્રપત્ર પરથી). **'શ્રી રસિકલાલ છો. પરીખ'** ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક ઈતિહાસ, મુઘલકાળ, ભાગ-૬, પાના નં. ૫૬ ૫૨ લખે છે કે બાલાસિનોરનો સાહિતિક ઉલ્લેખ આપણને છેક ૧૯૧૮માં મુઘલરાજા શાહજહાઁ જયારે હાથીઓનો શિકાર કરવા માટે દાહોદના જંગલોમાં જઈ રહ્યાં હતા ત્યારે તેણે રાત્રિરોકાણ વાડાસિનોર મુકામે કરેલ. આવા અનેક પુસ્તકોના સહારે શ્રી તીરગરનો અભ્યાસ ચાલુ છે અને બાલાસિનોરને લગતી માહિતી એકિત્રત કરી રહેલ છે.

શ્રી તીરગરના અભ્યાસ મુજબ બાલાસિનોર ક્ષત્રય કાળ (ઈ.સ.૯૦૦ થી) વસેલ છે. આવું શેના પરથી સાબિત થાય છે ? તેમના અભ્યાસ મુજબ ડૉ. કમરઅલી મોમીનનો સાહિત્ય આર્કિયોલોજી ઓફ ખેડા જીલ્લો (૧૯૭૪) પાના નં. ૫૨ પરથી જાણવા મળે છે કે બાલાસિનોરથી ૨ કિલોમીટર દૂર ભીમભમેડો ડુંગર આવેલ છે. ત્યાંથી મળેલ અવશેષોના અભ્યાસ ઉપરથી જણાવે છે કે આ સ્થળ ક્ષત્રયકાલિન (સમય)માં વસેલ. અભ્યાસ ડેપીંગ સિસ્ટમથી થાય છે. એટલે કે રસાયણો દ્વારા થતો અભ્યાસ.

**શ્રી તીરગરે કયા વિષયોને પ્રાધાન્ય આપ્યું છે ?**

૧) બાલાસિનોર ગામનું નામકરણ અને ઈતિહાસ.

૨) બાલાસિનોરમાં બાબીવંશનો પ્રારંભ અને વિકાસ.

૩) બાલાસિનોરના લોકોની સામાજીક અને આર્થિક સ્થિતિ.

૪) ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ.

૫) બાલાસિનોર રાજ્યના તે સમયના અન્ય રાજ્યો સાથેના સંબંધો.

૬) બાલાસિનોર રાજ્યમાં ભાષાસાહિત્ય અને શિક્ષણમાં ફેલાવો.

આમાંના પહેલા બે પેપર પાસ થઈ ગયા છે. શ્રી તીરગર જણાવે છે બાકીના વિષયો આ પ્રમાણે છે. છતાં ફેરફારની શક્યતા છે.

પ્રસન્ન વાતાવરણમાં પૂરેપૂરી આત્મીયતા સાથે જે


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લઠ્ઠા પારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

વાર્તાલાપ થયો તેમાં શ્રી તીરગરે અમુક મહત્વના અવતરણ કહ્યા. બ્રિટિશ કાળ દરમ્યાન બાલાસિનોર, વડોદરાના રાજા ગાયકવાડના આધિપત્ય નીચે ખંડીયું રાજ્ય હતું. તે વાર્ષિક ખંડણી પેઠે રૂા. ૩૬૦૦ ચૂકવતું. બાલાસિનોરમાં બાબીવંશના ૯ રાજાઓ થઈ ગયા. પહેલા રાજા સરદાર મહમ્મદખાન. છેલ્લો રાજા એટલે મહમંદ સલાબતખાન બાબી.

શ્રી અમૃતભાઈ રમેશભાઈ તીરગરની આ કાર્ય માટેની નિષ્ઠા અને પ્રામાણિકતા ખરેખર દાદ માગી લે તેવી છે. પ્રોફેસર સાહેબ તમારા કાર્ય થી બાલાસિનોરની પ્રજા, સમગ્ર બાલાસિનોરવાસીઓ, નવયુવાનોમાં માદરેવતન માટે પ્રેમ, આદરભાવ જાગશે. સમગ્ર બાલાસિનોરવાસી વતી અમે આપના પ્રશંસનીય કાર્યની સુખદ નોંધ લેતા ગર્વ અનુભવીએ છીએ. તમારા કાર્યને બિરદાવીએ છીએ, આપને ધન્યવાદ બક્ષીએ છીએ. સમગ્ર બાલાસિનોર સમાજની આપને હાર્દિક શુભેચ્છા કે તમે નક્કી કરેલા કાર્યકાળ દરમ્યાન તમારું કાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણ કરો અને તમને **'બાલાસિનોર'** વિષય માટે **પીએચ.ડી.**ની પદવી જરૂર પ્રાપ્ત થાય.

મારે ખાસ જણાવવાનું કે સાલસ અને મિલનસાર પ્રકૃતિના શ્રી તીરગર જે સમાજ માંથી આવે છે ત્યાં ઉચ્ચ શિક્ષણ માટે ખાસ જાગૃતિ નથી, વળી સમાજ એટલો સધ્ધર નથી પ્રોફેસરની નોકરી કરતા શ્રી તીરગર બહોળા કુટુંબનો નિભાવ કરે છે અને પીએચ.ડી.ના કાર્ય માટે તેમને અંગત રીતે ઘણો ખર્ચ થાય છે. આ સંશોધનનો વિષય છે. તે માટે સાહિત્ય એકિત્રત કરવું, ખરીદવું, અનેક જગ્યાની મુસાફરી કરી મુલાકાત ગોઠવવી વગેરે કરવું પડે છે. ઈતિહાસ પૂરાવા માંગે છે. આ માટે વિવિધ સ્થળના ઘણા ફોટા પણ પાડવા પડે છે. તેમની પાસે પોતાનો કેમેરો નથી એટલે મિત્રના કેમેરાથી આ કાર્ય પૂરું કરાય છે.

જ્યોતિપુંજના માધ્યમ દ્વારા શ્રી તરગર બાલાસિનોર વાસીઓને ટહેલ નાખે છે કે આપ અંગત રીતે સંસ્થાકીય રીતે જે રીતે મદદરૂપ થઈ શકતા હોય તો જરૂર થી સહાય કરશો. 'બાલાસિનોર'ની માહિતી ઉપલબ્ધ કરાવવામાં, નાણાંભીડની તકલીફ નિવારણ માટે. આપનો અલગ દૃષ્ટિકોણ મને જરૂર મદદરૂપ નિવડશે એવી હું આપ સૌથી આશા રાખું છું.

# પરદેશ જતી વહાલી દિકરીને પત્ર

**– સુધા પી. શાહ**

**જે જે શ્રી ગોકુલેશ**

આજકાલ પરદેશ જવાની નવાઈ નથી પરણેલી દીકરીઓને વિદાય આપતા હૈયુ ભરાઈ ગયું હતું તેમ આજે તું પણ અમારાથી દૂર એકલી નવા જીવનની શરૂઆત કરવા જઈ રહી છે હું તારી નાની છું. પ્રત્યક્ષ ઘણું બધું કહેવું હોય છે પણ સમયનો અભાવ અને સલાહ ન ગમતી હોવાથી વિચાર આવ્યો તને એક કાગળ લખું.

તું જ્યારે એકલી પડે ને અમે યાદ આવીએ ત્યારે ગુજરાતીમાં લખેલો મારો આ કાગળ જરૂરથી વાંચવા પ્રયત્ન કર જે. ગુજરાતી નથી આવડતું એ કહેવું એક શરમની વાત છે અને લખી તો ક્યાંથી જ શકે ?

આધુનિક ટેકનોલોજીકલ યુગમાં માણસ બધું જ કરી શકવાની શક્તિ ધરાવે છે એક જ વસ્તુ તે કરી શકતો નથી એ પત્ર લખી શક્તો નથી. જીવનમાં પત્રનું સ્થાન કેટલું મહત્વનું છે એ તો કોઈનો પત્ર મળે ત્યારે જ સમજાય છે.

મમ્મી-પપ્પા, દાદા-દાદી, નાના-નાનીનું સુખ તો જે નસીબદાર હોય એને જ મળે. આ પત્ર દ્વારા તને શિખામણ આપવાનો મારો આશય નથી પરંતુ ભવિષ્યમાં અહીં કહેલી કોઈ પણ વાત તારા જીવનને સ્પર્શી જશે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય. તારા બાલ્યકાળને યુવાવર્ષના બધા વર્ષો સાથે રહી પ્રસાર કર્યા છે. નાના મોટા બીજા ભાઈ બહેનોને પ્રેમ અને હૂંફ એકબીજાને આપવાની છે તો કુટુંબમાં બધા એકબીજાને વળગીને રહેશે એક સાંકળની જેમ સંબંધો વૃક્ષ જેવા છે પાણીનું સિંચન થવું જ જોઈએ.

આદત પ્રમાણે વાંચતા વાંચતા ઘણી વાર એમ થાય કે આ મારા જીવનને અનુલક્ષીને છે તો તે કાગળ કાપી રાખી મુક તમને બધાને કહીએ તે ન ગમે પણ એકાદ બે મિનિટનો સમય મળે ને વાંચે તો આનંદ જરૂર આવે.

હવે તારી નાની તો જીદંગીને આરે આવીને ઊભી છે તે પણ મારી સાથે જીદંગીના ઘણા વર્ષ પસાર કર્યા છે મેં પણ મારી જીંદગીમાં જાણ્યે અજાણ્યે ભૂલો કરી છે તેનું દુઃખ છે પણ સુખ એ વાતનું છે કે લાઈફ ખૂબ જ સીધીસાદી જીવ્યા છીએ. સારી ટેવો કોને કહેવી તે ખબર નથી પણી બીજાની શેહમાં કોઈ દિવસ તણાયા નથી તેથી લખવાની હિંમત કરું છું.

દિકરા આજે તું વધુ ઉચ્ચ અભ્યાસાર્થે એકલી જઈ રહી છે ત્યારે અમને તારી ફિકર જરૂર રહે. મહેનત કરી ખૂબ ભણજે અમને તેનું ગૌરવ થશે. તને જે આજે આ તક મળી છે તો તેનો સંપૂર્ણ ઉપયોગ કરી ભવિષ્યમાં સારી રીતે Settle થાય એ જ પ્રભુ પાસે પ્રાર્થનાને યાચના છે.

અત્યાર સુધી તું મમ્મી પપ્પાના આશ્રયમાં રહી ભણી હવે તારે તારી સવારથી સાંજ સુધીની બધી જ જવાબદારી લઈ ભણવાનું છે. આજથી એક નવી જીંદગી શરૂ થઈ રહી છે.

દરેક માણસમાં પોતાને સારા કરવાની તાકાત રહેલી છે તારી અમેરીકાની કેડી સાંકડી ને લપસણી છે પણ તારા ડહાપણ ને જ્ઞાન તારું ભાવિજીવન ઉજ્જવળ થાય એવા મારા ને પપ્પાના અંતરના આશિષ અને શુભેચ્છાઓ સદાય તારી સાથે રહેશે.

શારિરીક ને માનસિક બંને રીતે તારે હવે બધું જ શિખવાની શરૂઆત કરવાની છે. જરા અઘરૂ પડશે પણ બધું જ આવડી જશે એવી હોંશ રાખવાની એટલા માટે જ કહયું છે કે

એક સાથે મળવું પ્રારંભ છે.
સાથ સાથ અડીખમ ઊભા રહેવું પ્રગતિ છે ને
હળીમળીને કામ કરવું એ સફળતા છે.
હું ને મારો સ્વાર્થ એ વિચારને ભૂલી જવું.
જીંદગીમાં અમુક કાર્યોમાં સાથની જરૂર પડે છે.

**– તારી નાની ના આશીર્વાદ**



શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ

## વેરાસા - બાલાસિનોર

## દાન માટેની અપીલ

બાલાસિનોર તાલુકાનાં આદિવાસી વિસ્તાર વેરાસાની પ્રાથમિક તથા અન્ય શાળાઓ મળીને લગભગ ૨૫૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓને નોટબુકો, ચોપડા, દફતર, યુનીફોર્મસ્ તથા ભોજન સહાયની જરૂરીયાત માટે દાતાઓને ઉદાર દિલે દાન આપવા માટે વિનમ્ર અપીલ કરવામાં આવે છે.

આ માટેનો ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂા. ૨,૦૦૦/- અંકે બે હજાર પુરા થાય છે. દાતા શ્રી તરફથી રૂા. ૨,૦૦૦/- નાં ગુણાંક માં વધુમાં વધુ વિદ્યાર્થી લાભ લે તે પ્રમાણે દાન આપવા વિનંતી.

ભોજન મિતી માટે રૂા.૧૦,૦૦૦/- અંકે રૂા. દસ હજારનાં દાતાઓ આવકાર્ય છે. ટ્રસ્ટ પાસે 80 G Certificate પ્રાપ્ત છે.

**ટ્રસ્ટી શ્રીમતી અનુબહેન જ્યોતિવદન શેઠ - ૯૮૨૧૨૩૪૩૧૩**
**રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ - ૯૮૨૦૦૮૦૧૯૪**

## ચોકલેટ્સ

## ''જ'' થી શરૂ થતી વિગત ઉકેલો :-

૧) અહીં વિવિધ રંગબેરંગી માછલીઓ છે (૪)

૨) જમાઈરાજા એ સાળી ના લગ્નમાં <u>જોરદાર</u> તૈયારીઓ કરી છે (૫)

૩) રતનટાટાનું નામ અહીં જોડાય (૬)


૪) ....... દિકરા - દિકરી સાથે મિત્ર જેવા સંબંધ કેળવો.

૫) દાગીના સાથે મધુર સંબંધ ધરાવે છે.

૬) માલ-સામાનના રૂપિયા (કરવેરા) અહીં ભરો અને આગળ વધો (૫)

૭) તમે પૂછો, હું કહું. (ઊંધુ થઈ ગયુ છે)

૮) ............ સાથે ચાલવા પરિવર્તન જરૂરી છે.




જવાબ :
૧) જળાશય (૨) જબરજસ્ત (૩) જમશેદપુર (૪) જવાન (૫) જડતર (૬) જકાતનાકા (૭) જવાબ સવાલ (૮) જમાના.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત
# વિવિધ સમિતિઓની નામાવલી

**જનતા ફી સહાય યોજના - ગીરીપૂજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

૧) શ્રી સમીર ગાંધી - સંયોજક
૨) શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ - સભ્ય
૩) શ્રી જગદીશ શાંતીલાલ પરીખ - સભ્ય
૪) શ્રી જીગર મણીકાંત કડકીઆ - સભ્ય

**મેમ્બરશીપ મેનેજમેન્ટ કમીટી**

૧) શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સંયોજક
૨) શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ - સભ્ય
૩) શ્રી દિલીપ નવનીતલાલ ધારીઆ - સભ્ય
૪) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
૫) શ્રી જીગર મણીકાંત કડકીઆ - સભ્ય
૬) શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી - સભ્ય
૭) શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ - સભ્ય

**શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થ્ય યોજના**

- શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પિટલ સહાય યોજના
- શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીયા (રંગુનવાળા) - કેન્સર ટ્રીટમેન્ટ
- ઉજશ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ બાયપાસ સર્જરી
- શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ
- શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી

**હોસ્પીટલ સહાય યોજના અને સ્વાસ્થ યોજના**

૧) શ્રી સમીર ગાંધી - સંયોજક
૨) શ્રી જીગર કડકીઆ - સભ્ય
૩) શ્રી કૌશીકભાઈ કાંતિલાલ કડકીઆ - સભ્ય

**શ્રીજી મેડીકલેઈમ યોજના**

૧) શ્રી નિલેશ નવનીતલાલ શાહ - સંયોજક
૨) કિર્તીભાઈ હીરાલાલ કડકીઆ - સભ્ય
૩) હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) – સભ્ય
૪) જીગર મણીકાંત કડકીઆ - સભ્ય

**જયોતિપુંજ વર્ષ ૨૦૧૬-૨૦૧૭**

**તંત્રી :** શ્રી બંકિમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા)

**તંત્રી મંડળ**

૧) શ્રી જતીન દેસાઈ
૨) શ્રી પ્રશાંત પરીખ
૩) શ્રી તુષાર કડકીઆ
૪) શ્રીમતી નિમીષા જી. કડકીઆ
૫) શ્રીમતી મનીષા નિ. શાહ

**શ્રી નટવરભાઈ મોદી (જનસાથી) પુરસ્કૃત BNS જનસાથી ટ્રોફી શ્રી દિલીપ એમ. ધારીઆ (લાલખા) પુરસ્કૃત BNS લાલખા ટ્રોફી BNS લાલખા બેરા T-20 League શ્રી મુલજીભાઈ ચંદુલાલ ધારીઆ. શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ ...**

**બાલાસિનોર પ્રીમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ**

૧) શ્રી ચીરાગ પરીખ - સંયોજક
૨) શ્રી સમીર દેસાઈ (મેનપૂરાવાળા) - સભ્ય
૩) શ્રી સંજીવ ધારીઆ - સભ્ય
૪) શ્રી નીરવ દેસાઈ - સભ્ય
૫) શ્રી મનોજ પરીખ - સભ્ય
૬) શ્રી રીપલ પરીખ - સભ્ય

૭) શ્રી ચીરાગ મોદી - સભ્ય
૮) શ્રી અપૂર્વ ધારીઆ - સભ્ય
૯) શ્રી અલ્પેશ ધારીઆ - કૉઓર્ડીનેટર
૧૦) શ્રી જીગર કડકીઆ - એડવાઈઝર

**શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા)**

**પુરસ્કૃત ઉપનગર વિભાગ**

૧) શ્રી કેતન કડકીઆ - સંયોજક
૨) શ્રી હેમેન્દ્રભાઈ શાહ (ચકવા) - સભ્ય
૩) શ્રી સુનીલ મોદી (ઠાસરાવાળા) - સભ્ય
૪) શ્રી મનીષ પરીખ - સભ્ય
૫) શ્રી ઉર્મીલ કડકીઆ - સભ્ય
૬) શ્રી વસંત દેસાઈ - સભ્ય
૭) શ્રી નીલેશ શાહ (નગરશેઠ) - સભ્ય
૮) શ્રી જીગર કડકીઆ - સભ્ય
૯) શ્રી કમલેશ દોશી - સભ્ય
૧૦) શ્રી દેવાંગ મોદી (પેપરવાળા) - સભ્ય
૧૧) શ્રી અજય દોશી - સભ્ય
૧૨) શ્રી બકુલભાઈ શાહ (નગરશેઠ) - સભ્ય

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

**દિવાળી પર્વ આર્થિક રાહત યોજના**

૧) શ્રી સુનીલ મોદી - સંયોજક
૨) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી) - સભ્ય
૩) શ્રી જીગર કડકીઆ - સભ્ય
૪) શ્રી દિપક શાહ (ખડગોધરાવાળા)- સભ્ય

**શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના શ્રી મનોજભાઈ અને શ્રી અમરીષભાઈ કચેરીયા**

**રાહત દર નોટબુક યોજના**

૧) શ્રી અલ્પેશ ધારીઆ - સંયોજક
૨) શ્રી જીતુભાઈ પારેખ - સભ્ય
૩) શ્રી સમીર ગાંધી - સભ્ય
૪) શ્રી મનોજ પરીખ - સભ્ય
૫) શ્રી સમીર ધારીઆ - સભ્ય
૬) શ્રી જગદીશભાઈ પરીખ - સભ્ય
૭) શ્રી હેમેન્દ્રભાઈ શાહ - સભ્ય
૮) શ્રી સુનીલ મોદી - સભ્ય
૯) શ્રી વસંત દેસાઈ - સભ્ય
૧૦) શ્રી જીગર કડકીઆ - સભ્ય
૧૧) શ્રી દિલીપભાઈ ધારીઆ - સભ્ય
૧૨) શ્રી કમલેશભાઈ દોશી - સભ્ય
૧૩) શ્રી અજયભાઈ દોશી - સભ્ય

**શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)**

**કોમ્પ્યુટર એજ્યુકેશન યોજના**

૧) શ્રી અલ્પેશ ધારીઆ - સંયોજક
૨) શ્રી જીગર કડકીઆ - સભ્ય
૩) શ્રી સમીર ગાંધી - સભ્ય
૪) શ્રી હેમેન્દ્રભાઈ શાહ (ચકવા) - સભ્ય
૫) શ્રી ચીરાગ પરીખ - સભ્ય
૬) શ્રી સૌરભ મોદી - સભ્ય

**શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી)**
**શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) XI STD. Text Book**
**શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) પોસ્ટ ગ્રેજ્યુએશન**
**શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીયા મેડીકલ X એન્જીનીયર**

**શ્રીમતી માતુશ્રી અને વલ્લભદાસ ગરબડદાસ ગાંધી - પ્રોફેશનલ ટેક્સ બુક પુસ્તક યોજના**

૧) શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા) - સંયોજક
૨) શ્રી દિપક નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) - સભ્ય
૩) શ્રી મનોજ રસીકલાલ પરીખ - સભ્ય
૪) શ્રી ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ - સભ્ય
૫) શ્રી સમીર પ્રવીણચંદ્ર ધારીઆ - સભ્ય
૬) શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સભ્ય

**શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ અને શ્રી નિમેશભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) ઈન્ડોર સ્પોર્ટસ્ યોજના**

૧) શ્રી અજીત નટવરલાલ મોદી એન્જીનીયરીંગ - સંયોજક
૨) શ્રી સંજય જયંતિલાલ શાહ - સભ્ય
૩) શ્રી જીજ્ઞેશ કાંતીલાલ કડકીઆ - સભ્ય
૪) શ્રી નિલેશ ગોકલદાસ પરીખ - સભ્ય
૫) શ્રી જીગર મણીકાંત કડકીઆ - સભ્ય
૬) શ્રી વસંત નટવરલાલ દેસાઈ - સભ્ય
૭) શ્રી નિલેષ રમેશચંદ્ર શાહ - સભ્ય
૮) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
૯) શ્રી શ્રેયાંસ હિરાલાલ પરીખ - સભ્ય
૧૦) શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ - સભ્ય

**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ**

૧) શ્રી સૌમીલ મોદી - કૉઓર્ડીનેટર
૨) શ્રીમતી અમીબેન ધારીઆ - સંયોજક
૩) શ્રી હેમેન્દ્રભાઈ શાહ (ચકવા) - સભ્ય
૪) શ્રી જીગર કડકીઆ - સભ્ય
૫) શ્રી સમીર ગાંધી - સભ્ય
૮) શ્રી દેવાંગ મોદી - સભ્ય
૯) શ્રી હિમાંશુ મોદી - સભ્ય
૧૦) શ્રી પ્રશાંત પરીખ - સભ્ય
૧૨) શ્રીમતી તૃપ્તી કડકીઆ - સભ્ય
૧૩) શ્રીમતી અલ્પા કડકીઆ - સભ્ય
૧૪) શ્રીમતી અલ્પા મોદી - સભ્ય
૧૫) શ્રીમતી પ્રતિક્ષા ગાંધી - સભ્ય
૧૬) શ્રી ડિમ્પલ કડકીઆ - સભ્ય
૧૭) શ્રીમતી શેફાલી કડકીઆ - સભ્ય

**શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી મહિલા મંડળ**

૧) શ્રીમતી અમી હિતેશ ધારીઆ - (સંયોજક)
૨) શ્રીમતી લીના મંજુલ ધારીઆ
૩) શ્રીમતી અલ્પા સચિન કડકીઆ
૪) શ્રીમતી બીજલ અનીશ ગાંધી
૫) શ્રીમતી દર્શના શ્રેયાંશ પરીખ
૬) શ્રીમતી કૃપા અમીશ દેસાઈ
૭) શ્રીમતી સેજલ નીરવ કડકીઆ
૮) શ્રીમતી ફાલ્ગુની આશીષ શાહ
૯) શ્રીમતી મનિષા નીલેશ કડકીઆ
૧૦) શ્રીમતી અલ્પા સૌમીલ મોદી
૧૧) શ્રીમતી તેજશ્રી પ્રશાંત પરીખ

**એડમીનીસ્ટ્રેટીવ સમિતિ**

શ્રી ભાવેશ બીપીન મોદી - મંત્રી
શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી - ઉપપ્રમુખ
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સભ્ય

✤✤✤✤✤


શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

# બાલાસિનોર મેડીકલ સેન્ટર

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

Email: vdnm.medicaltrust@gmail.com - ફોનઃ ૨૩૬૭૦૧૬૯

**સર્વે બાલાસિનોર વાસીઓને**

ખૂબ જ આનંદ અને ગર્વ સાથે જણાવવાનું કે આપણી જ્ઞાતિના આગળ પડતાં મેમ્બરોએ બહોળી સંખ્યામાં આપણાં સેન્ટરનો ઉપયોગ કરવાનું ચાલું કર્યું છે.

આપ જાણો છે તે મુજબ અગાઉ આપણી સંસ્થા આપણે ત્યાં જ લોહીનાં ટેસ્ટ કરી આપણો પોતાનો જ રીપોર્ટ આપતી હતી જે હવે સદંતર બંધ કરવામાં આવ્યું છે. તે ફરીવાર આપની જાણ ખાતર.

હાલ આપણું બાલાસિનોર મેડીકલ સેન્ટર મે. મેટ્રોપોલીસ હેલ્થકેર અને મે. એનએમ મેડીકલ સાથે ચેનલ પાર્ટનર તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. તથા રીપોર્ટો પણ મેટ્રોપોલીસ અને એનએમ મેડીકલનાં જ આપવામાં આવી રહ્યા છે.

જ્ઞાતિજનોને વિનંતી કે તમને કોઈ પણ જાતનાં બ્લડ ટેસ્ટ અને રેડિયોલોજી ટેસ્ટો કરાવવાની જરુર પડે ત્યારે અચુક આપણાં બાલાસિનોર મેડીકલ સેન્ટરને યાદ કરી આપણી સંસ્થા દ્વારા જ મેટ્રોપોલીસ અને એનએમ મેડીકલના રીપોર્ટો કઢાવવા વિનંતી.

ઉપર મુજબની બે નામાંકિત સંસ્થાઓ સાથે કરાર કર્યા મુજબ આપણા મેમ્બરોને સારો એવો ફાયદો અપાવી શક્યા છીએ અને હજુ પણ આ દિશામાં પ્રયત્નો ચાલુ જ છે જેથી કરીને જ્ઞાતિજનો ખૂબ જ સસ્તા તથા વાજબી દરે તેઓનાં ટેસ્ટો કરાવી શકે. **HOME VISITS** બન્ને ચેનલ પાર્ટનરો દ્વારા તેમનાં જ સ્ટાફ મારફતે આપવામાં આવી રહી છે તેનો લાભ પણ આપણાં જ્ઞાતિજનો લઈ શકે છે તો મિત્રો ફરી એકવાર યાદ અપાવવાનું કે તમારી ઉપર મુજબની જરુરિયાત ફક્ત અને ફક્ત આપણી સંસ્થા મારફતે કરાવવા નમ્ર વિનંતી જેથી આપણે ત્યાં મેડીકલ સહાય લેતા આપણાં જ જ્ઞાતિજનોને અમે વધુ ને વધુ સહાય આપી શકીએ એજ અમારો ઉદ્દેશ છે.

**યાદરાખો**

**બાલાસિનોર મેડીકલ સેન્ટર = મેટ્રોપોલીસ + એન એમ મેડીકલ**

જય બાલાસિનોર

| **પ્રમુખ** | **મંત્રી** |
|---|---|
| **પંકજ ધારિયા - ૯૮૨૧૦૨૮૭૬૨** | **નિમીષ કડકિયા, કિરીટ ધારિયા** |



એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપર્યુક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૬-૧૭) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૧-૬-૨૦૧૬ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૫-૮-૨૦૧૬ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૬-૧૭)ની ફી ભર્યાની Original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

**૧. શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**
બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
સમય : સોમ થી શનિ : બપોરે ૩ થી ૫.૩૦ કલાક

**૨. શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨,
સમય : સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી.

**વિદેશ જઈ અભ્યાસ કરનાર માટે ફોર્મ ભરવાનું સ્થળ :**

**૧. શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ**
શ્રીપતી આર્કેડ, ૨૩ મા માળે, એ.કે. માર્ગ, નાના ચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. સમય સાંજે ૩ થી ૫

સંપુર્ણ વિગત ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક મેળવવાનું સ્થળ :**

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
સમય : સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી.

## પારિતોષિક યોજના

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૬અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ/ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

**નોંધ :** આ યોજના S.S.C. (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૫-૮-૨૦૧૬ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪** **શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**


શ્રી જયંતીલાલ મુળજીભાઈ પરીખ (બખલી) ના જે જે શ્રી ગોકુલેશ

**અચ્છે દિન આનેવાલે હૈ**

**વિરાટ કોહલી-એ.આર.રહેમાન-સોનુ નિગમ-શ્રેયા ઘોષાલ-રણબીર કપુર**

**જેવા કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર**

**વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાંઓને જાહેર નિમંત્રણ, આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો. આપની ઉપલબ્ધિઓને**

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો.

આપની ઉપલબ્ધીઓ, આપના અને આપનાં કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજ જનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાંચક, પોતાનાં સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલાં હોય તો એ વિષે અમને જાણ કરે અથવાં તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધીઓ પણ સન્માનને પાત્ર છે.

**માનદ્‌મંત્રીઓ : શ્રી મંજુલ શૈલેશ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪,**

**સંયોજકઃ શ્રી ચેતન મોદી**

**શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**

---

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

મંડળની ૯૨મી વાર્ષિક સામાન્ય સભા ૨૮મી ઓગસ્ટ ૨૦૧૬ રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે રમા વાટુમલ ઓડિટોરિયમ, કે.સી.કોલેજ, ચર્ચગેટ મુંબઈ ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રુપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત Talent Appriciation Scheme ના ઉપક્રમે વાડાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

## વાડસોલ કર્મવીર

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શન ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે વાડસોલ કર્મવીર સન્માન પદક આપવામાં આવે છે.

જે અન્વયે આ વર્ષે આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલીન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા **શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી)** ની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માન થી ગૌરવાન્વિત કરાશે.

**માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન બિપીન શેઠ**

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

### ૩૦મી વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત સોસાયટીની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૬-૧૬ના ગુરૂવારના રોજ સાંજે ૭ કલાકે પ્રમુખશ્રી પ્રફુલભાઈ શાહના નેજા હેઠળ તેજપાલ ઓડીટોરીયમ ખાતે ભરાઈ હતી. તેમાં કુલ ૪૩૭ સભ્યોએ હાજરી પુરાવી હતી.

સભાની શરૂઆત રાષ્ટ્ર ગીત થી શરૂ થઈ અને ત્યારબાદ સોસાયટીનો વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કાર્યનો અહેવાલ ચેરમેન શ્રી કૌષીકભાઈ કડકીયા દ્વારા રજુ કરાયો હતો. સોસાયટીનો અન્વેષીત આવક જાવકનો હિસાબ, સરવૈયા સહિત સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ તથા રેકટીફીકેશન રીપોર્ટને સભા દ્વારા સર્વાનુમતે મંજૂરી અપાઈ હતી. સોસાયટીના કુલ ચોખ્ખા નફામાંથી સભ્યોને ૧૫ ટકા ડીવીડન્ટ આપવાની ભલામણ કરાઈ હતી તેને સર્વાનુમતે મંજૂરી અપાઈ હતી.

સોસાયટીના Internal Auditor તરીકે પ્રકાશભાઈ જે દોશી C/o I.O.Dharia & Co. ની નિમણુંક કરાઈ હતી. સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે શ્રી હેમન્ત નીબાલકરની નિમણુંક કરાઈ હતી. Hon. Legal Advisor તરીકે જસવંતલાલ કે. પરીખની નિમણુંક કરાઈ હતી અને Grievance Redressal & Compromise Committee ના સંયોજક તરીકે ફરી એકવાર વસંતભાઈ પરીખની નિમણુંક કરાઈ હતી.

રાબેતા મુજબ ચેરમેન શ્રી કૌષીકભાઈ કડકીયા તરફથી હાજર રહેલા સભ્યોને આકર્ષક ભેટ અપાઈ હતી.

વાઈસ ચેરમેન શ્રી કાર્તિકભાઈએ જણાવ્યું હતું કે લોન લેનારની પરિસ્થિતી ધ્યાનમાં રાખીને હવેથી રૂપિયા ૫૦,૦૦૦/- ના ગેરેન્ટરની લીમીટ ગેરેન્ટરોની મંજૂરી હોય તો રૂપિયા ૧,૦૦,૦૦૦/- ની ગેરેન્ટી કારોબારીના માન્ય થયેથી આપી શકાશે.

હાજર રહેલા સભ્યો પૈકી શ્રી સતીષભાઈ પરીખ, શ્રી યોગેશભાઈ ધારીયા, પ્રવિણભાઈ શાહ, રસીકભાઈ મોદી (દેવ કાકા) પ્રવિણભાઈ દેસાઈ અને મનિષભાઈ પરીખના પ્રશ્નોના સંતોષ કારક ઉત્તરો અપાયા હતા અને દરેક સભ્યોને સોસાયટીના કારોબારમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે સહભાગી થવાનું આહવાન કર્યું હતું.

**- વાડાસિનોર પ્રગતિ સમાજ કો.કે.સો.લી.ના કારોબારી સમિતી વતી.**

---

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત

### કમળાબેન મણીલાલ પરીખ તથા મણીલાલ ગોરધનદાસ પરીખ (દાઢીવાલા) અતિથિગૃહ

હીરા બિલ્ડીંગ બીજે માળે, વી.પી.રોડ, મુંબઈ-૪

હીરા બિલ્ડીંગ રૂમ ખાલી હોવાથી જે ભાઈને લાભ લેવા માગતા હોય તે ભાઈ પ્રગતિ સમાજ ફોન નં.: ૨૨૦૫૩૪૭૬માં સંપર્ક સાધવા વિનંતી.

### શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ ભીખાલાલ પરીખ (બખલી) સેનેટોરિયમ

A-૬૧ યોગીનગર એક્સલ રોડ (વેસ્ટ), મુંબઈ-૯૨

યોગીનગર સેનેટોરિયમનો લાભ લેવા માગતા હોય તો બે ફ્લેટ ખાલી છે તો જે ભાઈને જોઈતો હોય તે પ્રગતિ સમાજ ફોનઃ ૨૨૦૫૩૪૭૬ માં સંપર્ક સાધવા વિનંતી.

**- સંયોજક મીનીષભાઈ કડકીઆ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૦મી બેઠક (વન ડે મીટીંગ) તા. ૨૮-૫-૨૦૧૬ શનિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મિટિંગ હોલ પ્રગતી સમાજની ઓફીસ ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

પ્રમુખશ્રીએ સૌ વડીલો અને આમંત્રીતોને આવકાર આપ્યો હતો અને સૌ ના સાથ સહકારથી વધુ સારા કાર્યો કરવાની પ્રેરણા મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી જતીન કોટીયાએ અન્વેષિત આવક જાવકના હિસાબની રજુઆત કરી હતી તેને ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવી હતી.

મંત્રીશ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો.

સૌ વડીલોએ ગત વર્ષના કાર્યોની સરાહના કરી હતી અને સંપૂર્ણ સમિતીને અભિદનંન આપ્યા હતા.

કુલ ૩ નવી આજીવન સભ્યોની અરજી આવી હતી ૧) જતીન જીતેન્દ્ર ગાંધી, ધારીઆ શ્વેતા પરાગ અને ધારીઆ પરાગ મહેન્દ્ર (ઓલા) અને ૧ લીવની અરજી આવી હતી.

**પ્રમુખશ્રી આભાર માની સભા બરખાસ્ત કરી હતી.**

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

### ૬૬મી વાર્ષિક સામાન્ય સભા

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૬૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૬-૨૦૧૬ રોજ સાંજે ૫ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ સંસ્થાની ઓફીસ ખાતે મળી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠ ગત ૬૫મી વાર્ષિક સામાન્ય સભાનું કાર્યનોંધનું વાંચન કર્યુ હતું અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના કાર્યોનો અહેવાલ રજુ કર્યો હતો જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી જતીન કોટીયાએ વર્ષ ૨૦૧૫-૨૦૧૬નો હિસાબ અહેવાલ રજુ કર્યો હતો. જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે સંસ્થાના ઓડીટર તરીકે આઈ.ઓ. ધારીઆની નિમણુક કરવામાં આવી હતી અને જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. જેમા તેમનું માનદ્ મહેનતાણુ નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અન શ્રી દક્ષેશભાઈ તથા શ્રી મનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમત ગમતના વિજેતાઓને ઈનામો આપણા માનદ્ સભ્ય તથા દાતા શ્રી દક્ષેશભાઈ કડકીઆના હાથે વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆએ શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોક્સી) પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તા મુજબ ઈનામોનું વિતરણ કર્યું હતું.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૬૬મી વાર્ષિક સામાન્ય સભામાં નીચે મુજબના ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા.

**ઠરાવ-૧ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તા. ૨૬-૬-૨૦૧૬ પછી યોજેલ કોઈ પણ પ્રમુખના ઈલેકશન પછી ગત પ્રમુખ ને આગલા ૫ વર્ષ માટે (ex-officio) તરીકે કારોબારી માં લેવા. ઉપર મુજબના ઠરાવ આજની આ સભામાં સર્વાનિમતે મંજુર કરવામાં આવ્યા હતા.


શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ ના જે જે શ્રી ગોકુલેશ

હાજર રહેલ સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગે વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા જેના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

**પ્રમુખ શ્રી આભાર માની સભા બરખાસ્ત કરી હતી.**

**પહેલી બેઠક**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧લી બેઠક તા. ૨૬-૬-૨૦૧૬ના રોજ રવિવારે સાંજે ૬.૩૦ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

પ્રમુખશ્રી ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખ શ્રી ઉપપ્રમુખ માટે શ્રી સૌમિલ મોદી, મંત્રી માટે શ્રી ભાવેશ મોદી, સહમંત્રી માટે શ્રી જસ્મીન શેઠ, ખજાનચી માટે શ્રી જતીન કોટીયા તથા તંત્રી પદ માટે શ્રી બંકીમ પરીખના નામની જાહેરાત કરી હતી તે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવી હતી.

પ્રમુખ શ્રીએ રજુઆત કરી હતી કે બેન્કો ને લાગતા કામ તથા ગવર્મેન્ટના લાગતા દસ્તાવેજો તથા અન્ય કોઈ અગત્યના કાગળો પર સહી કરવાની સત્તા પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ, મંત્રી શ્રી ભાવેશ મોદી તથા ખજાનચી શ્રી જતીન કોટીયાને આપવામાં આવી છે. તેને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી વિવિધ પેટા સમિતીના સંયોજકના નામોની રજુઆત કરી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

**તેમના નામો નીચે મુજબ છે.**

૧) **હોસ્પિટલ અને મેડિકલ સહાય :** શ્રી સમીર જયેન્દ્ર ગાંધી.

૨) **પુસ્તક સમિતી :** શ્રી જગદીશ શાંતીલાલ પરીખ

૩) **નોટબુક રાહત તથા કન્સેશનલ રેટ નોટ બુક યોજના :** શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ

૪) **ઉપનગર વિભાગ :** શ્રી કેતન રજનીકાંત કડકીઆ.

૫) **મેડિકલેમ યોજના :** શ્રી નિલેશ નવનીતલાલ શાહ

૬) **કોમ્પ્યુટર શિક્ષણ યોજના :** શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ.

૭) **મહિલા વિભાગ :** શ્રીમતી અમી હિતેશ ધારીઆ.

૮) **જ્યોતિપુંજ :** શ્રી બંકિમ રજનીકાંત પરીખ.

૯) **ક્રિકેટ :** શ્રી ચિરાગ ચંદ્રકાંત પરીખ

૧૦) **જનતા ફી સહાય યોજના :** શ્રી સમીર જયેન્દ્ર ગાંધી

૧૧) **મેમ્બરશીપ મેનેજમેન્ટ યોજના :** શ્રી સમીર જયેન્દ્ર ગાંધી

૧૨) **આંતરીક રમત ગમત :** શ્રી અજીત નટવરલાલ મોદી

૧૩) **દિવાળી પર્વ આર્થિક રાહત યોજના :** શ્રી સુનીલ નવીનચંદ્ર મોદી

૧૪) **રસોત્સવ :** શ્રીમતી અમી હિતેષ ધારીઆ
કોઓર્ડીનેટર : શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી.

૧૫) **વાર્ષિક પારિતોષિક વિતરણ :** શ્રી જસ્મીન બીપીન શેઠ

૧૬) **વહિવટ સમિતી :** શ્રી ભાવેશ બીપીન મોદી.

પ્રમુખશ્રી સપૂર્ણ સમિતીને સાથ અને સહકાર આપવાની માંગ કરી હતી.

૧ લીવ અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખ શ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

**- મંત્રીઃ શ્રી ભાવેશ બીપીન શેઠ**


શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

૧) **ગીરીપુજા કોકીલાબેન પ્રવીણચંદ્ર બીન ચુનીલાલ (વલ્લભઘેલા) કેન્સર નિદાન તથા સારવાર કેમ્પઃ** તા. ૨૪-૪-૧૬ને રવિવારના રોજ યોજવામાં આવેલ. કુલ ૭ દર્દીઓ નોંધાયેલા. આ કેમ્પમાં અમદાવાદની એચ.સી.જી.કેન્સર હોસ્પિટલના ડૉ. પૂર્વી પટેલ તથા તેઓની ડૉકટરોની ટીમે સેવાઓ આપેલ. તમામ દર્દીઓને દશ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

૨) **શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટકેમ્પઃ** તા. ૨૪-૪-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના કાર્ડીયાકસર્જન ડૉ. નિરવ પંચાલ તથા એચ.સી.જી. હોસ્પિટલના ડૉકટરોની ટીમે તેમજ આપણી હોસ્પિટલના ફુલટાઈમ ફીજીશીયન ડૉ. પી.કે. ત્રિપાઠી સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૫૨ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૨૮ દર્દીઓના ઈસીજી ફ્રી કરવામાં આવેલા. ૪૦ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલા. આ કેમ્પમાં તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

૩) **શ્રીમતી તરૂલતાબેન મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પઃ** તા. ૨૬-૪-૧૬ તથા તા. ૨૭-૪-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૭૩૩ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા દર્દીઓને કુલ રૂા. ૬૫૧૪૧/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં વિવિધ વિભાગોના નિષ્ણાંત ડૉકટરોની સેવાઓનો લાભ દર્દીઓને મળેલ.

૪) **આંખની છારી કાઢવાનો કેમ્પઃ** તા. ૨૭-૫-૧૬ના રોજ કુલ ૨૧ દર્દીઓ તથા તા. ૨૪-૬-૧૬ના રોજ કુલ ૧૬ દર્દીઓને રાહત દરથી છારી કાઢવામાં આવેલ.

૫) **ઈકો કેમ્પઃ** તા. ૫-૬-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૭ દર્દીઓના ઈકો રાહત દરથી કરવામાં આવેલ.

૬) **શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૧૪-૬-૧૬ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૫ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

૭) **શ્રીમતી મંજુલાબેન અને જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) કાન, નાક અને ગળાના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૧૫-૬-૧૬ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૧ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**માહે એપ્રીલ - ૧૬ તથા મે- ૧૬ના માસ દરમ્યાન હોસ્પિટલમાં**
**નીચે મુજબના વિવિધ વિભાગોમાં દર્દીઓએ લીધેલ લાભની વિગતઃ-**

૧) શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગ : ૭૯૪
૨) શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોક્સી) ગાયનેક વિભાગ :- ૨૦૬૫
૩) બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ :- ૧૦૩૧
૪) શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી ઈએનટી વિભાગ : ૨૩૯
૫) રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ : ૪૯૭

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

૧) રૂપેશ વસંત પરીખ (ન્યુઝીલેન્ડ) (બે ડોકટર કન્સલ્ટીંગ રૂમ માટે) રૂા. ૧૦,૦૦,૦૦૦/-
ક) શ્રીમતી કોકીલાબેન વસંત પરીખ, ખ) શ્રીમતી રંજનબેન કીરીટ મહેતા
૨) એક અનામી દાતા રૂા. ૧,૦૦,૦૦૧/- (૩) બાલાસિનોર વિકાસ કો. ઓ. સોસાયટી લી. રૂા. ૧,૦૦,૦૦૦/-
૪) રાજુલ મોહનલાલ પરીખ (લાય) (તેમના પુત્ર કરણના લગ્ન નીમીત્તે રૂા. ૧,૦૦,૦૦૦/-
૫) ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ રૂા. ૮૦,૦૦૦/- (૬) ઉમેશભાઈ કંચનલાલ મોદી રૂા.૨૫,૦૦૦/-
૭) સુભદ્રાબેન મણીલાલ કડકીઆ (બેન્ચ માટે) રૂા. ૨૧,૦૦૦/-

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

**સુધારોઃ** ગત એપ્રીલ-૨૦૧૬ના જ્યોતિપુંજના પાના નંબર ૩૮ ઉપર અ.નં. ૧૭ ઉપર આર્યાના નિતેષ ધારીઆ છાપેલ છે તેના બદલે 'આરીઆના નિતેશ કડકીઆ' વાંચવા વિનંતી.

# પ્રકીર્ણ વિભાગ


## નવા સરનામા

1) **Vinit Gopaldas Parikh (Suba)**
B/404 White Arch Chs Ltd.
Mathuradas Road Extension
Opp. Vanza Wadi, Kandivali -West
Mumbai - 400067
**Vinit Gopaldas Parikh (Suba)**
9920157256 / 9076318133
**Jigna Vinit Parikh**
8097526530 / 9967139773

2) **Gandhi Dr. Jaswant Chandulal**
503,Leela Raj -B,
Gokhale Road
Dahanukar Wadi, Kandivali (WEST)
Mumbai: 400067
Tel No. 28682781

3. **Satishbhai R. Lakdawala**
4401, Lodha Primero,
Apollo Mill Compound, N.M.Joshi Marg,
Mahalaxmi (E), Mumbai - 400 011

## તેજસ્વી તારલા



૧) આલિયા નિમિષ પ્રકાશભાઈ કચેરીઆ (વરખા)ને L.KG ધોરણમાં ચિત્રકામ રંગપૂરણી હરિફાઈમાં પ્રેસિડન્ટ ગોલ્ડ મેડલ (કલારત્ન પદક) પ્રાપ્ત થયું છે. ભારતની સર્વશ્રેષ્ઠ સંસ્થા લલિતકલા સેન્ટર ફોર વિઝયુઅલ આર્ટ્સ તરફથી લેવાયેલ ચિત્રકામ હરિફાઈમાં તેણે આ મેડલ જીતી લીધું છે.

૨) સાક્ષી સંદિપ ધારીઆ CBSE માં ૯૬ ટકા થી ઉત્તીર્ણ થયેલ છે.

૩) યશ આશિન પ્રવિણચંદ્ર કડકીઆ CBSE માં ૯૭ ટકા સાથે ઉત્તીર્ણ થયેલ છે.

૪) પુરવ ચીરાગ પરીખ S.S.C. માં ૯૪ ટકાથી ઉત્તીર્ણ થયા છે.

**સંસ્થા વતી સૌને અભિનંદન**

## નવા ટેલિફોન

**પ્રતિમાબેન કિરીટકુમાર ધારીઆ**


**૯૫૯૪૭૭૫૧૫૪**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મિનાક્ષીબેન દક્ષેસભાઈ કડકીઆ (લટકારી) | ૬૩ |
| ઈન્દુબેન મુલજીભાઈ કડકીઆ (ઈટાડીવાલા) | ૮૨ |
| નવીનચંદ્ર મણીલાલ મોદી | ૮૨ |
| આનંદીબેન બચુભાઈ સુથાર | ૭૫ |
| કોકિલાબેન મણિકાંત કડકીઆ (સુરતી) | ૮૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## ચક્ષુ દાન



**કોકિલાબેન મણિકાંત કડકીઆ**
(સુરતી)
ઉંમર વર્ષ ૮૩
ચક્ષુ દાન કરેલ છે.

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**સુધારો :**

૧) શ્રીમતી શાંતાબેન શાંતિલાલ શાહ એજ્યુકેશન હેઠળ ધોરણ ૩જા માટે દેસાઈ હેનિલ રિપલને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે.

૨) વાડાસિનોર ગોકુલેશ સમાજ તરફથી પ્રતિવર્ષ ઉજવાતા ઉત્સવોના પુરસ્કૃત દાતાઓની નામાવલી જે જૂન મહિનાના અંકમાં દર્શાવેલ તેઓ પેકી નીચે જણાવેલ દાતાશ્રીનું નામ આ રીતે વાંચવા વિનંતી.
શ્રી વિવાહ ઓચ્છવ શ્રીમતી સૂર્યાબેન બાબુલાલ કડકીઆ (મરઘા)

**મુખપૃષ્ઠ ચિત્ર**
**દૃષ્ટિ આશિષ કડકીઆ (ખીસાદાર)**